ભુ.લિ.

પરિશિષ્ટ – અ

**વિદેશમાં રહેતા/વિદેશી પતીઓ દ્વારા તરછોડી દેવાયેલ ભારતીય સ્ત્રીઓ માટે કાનૂની/નાણાકીય સહાય માટેની માર્ગદર્શિકા (૧ સપ્ટેમ્બર ૨૦૧૭ની અસરથી સંશોધિત) :**

૧. હેતુ:

૧.૧ આઇસીડબલ્યુએફ હેઠળ સહાયનો હેતુ જરૂરિયાતમંદ પીડિત ભારતીય સ્ત્રીઓ (જેમને તેમના વિદેશમાં રહેતા / વિદેશી પતીઓ દ્વારા તરછોડી દેવામાં આવેલ છે)ને કાનૂની સેવાઓ અને સંપરામર્શ મેળવવા માટે અમુક માત્રામાં નાણાકીય સહાય પૂરી પાડવાનો છે.

૧.૨ આવી સેવાઓ પૂરી પાડવા માટે નિયત કરવામાં આવેલ અને ભારતીય એલચી કચેરી સાથે નોંધાયેલ પ્રતિષ્ઠિત ભારતીય મહિલા સંગઠનો / ભારતીય સામુદાયિક મંડળો / બિનસરકારી સંસ્થાઓ દ્વારા સંપરામર્શ અને કાનૂની સેવાઓ પૂરી પાડવામાં આવશે.

૨. કાર્યક્ષેત્ર અને યોજનાનો લાભ મેળવવા માટેની પાત્રતા:

૨.૧ આઇસીડબલ્યુએફ હેઠળ સહાય નીચે દર્શાવેલ શરતોને આધિન એવી ભારતીય સ્ત્રીઓને મળવાપાત્ર થશે જેઓને તેમના વિદેશમાં રહેતા / વિદેશી પતીઓ દ્વારા તરછોડી દેવામાં આવેલ છે અથવા વિદેશી રાષ્ટ્રમાં છૂટાછેડાની કાર્યવાહીનો સામનો કરી રહેલ છે:-

(૧) વિદેશી બાબતોના મંત્રાલયની આ યોજના હેઠળ નાણાકીય સહાય પૂરી પાડવાના સંદર્ભમાં “તરછોડવું” શબ્દનો અર્થ પતી દ્વારા પોતાની પત્નીનો સ્વૈચ્છિક રીતે કરવામાં આવેલ ત્યાગ એવો કરવામાં આવશે. તદ ઉપરાંત, પતી દ્વારા કે તેના બોલાયેલ શબ્દો કે કૃત્યો દ્વારા પત્નીને તેના પતીનું ઘર છોડવાની કે કોઈ વ્યાજબી કારણ વિના ઘરથી દૂર રહેવાની ફરજ પડે તેવા સંજોગોમાં દેખીતી રીતે પત્ની તેનાથી અલગ થઈ ગઈ હોય તેમ છતાં તેણીનો પતી તરછોડવા માટે દોષિત ગણાશે. તરછોડવું એ ઘણું કરીને અસહયોગ, જે જેમના પ્રત્યે જવાબદારી અદા કરવાની હોય છે તેમને નાણાકીય સંસાધનો પૂરા પાડવાની નિષ્ફળતા છે, સંબંધિત રાષ્ટ્રમાં સતત સાથે રહેવા માટે વિઝા અપાવવાનો ઈનકાર, સ્ત્રીઓ પ્રત્યે અત્યાચાર કે સતામણી સાથે જોડાયેલ હોય છે, જેમાં આવો અત્યાચાર કોઈ સંપત્તિ કે પૈસામાં જેનું મૂલ્ય આંકી શકાય તેવી સુરક્ષાની ગેરકાયદેસર માગણી સંતોષવા માટે પત્ની પર કે તેને સંબંધિત અન્ય કોઈ વ્યક્તિ પર અથવા તો આવી માગણી નહિ સંતોષવાને કારણે પત્ની કે તેને સંબંધિત અન્ય કોઈ વ્યક્તિ પર બળજબરી કરવામાં આવે છે.

(૨) યોજનાનો કાર્ય વિસ્તાર : વિદેશમાં આવેલ તમામ એલચી કચેરીઓ અને પદાસીન વ્યક્તિઓ.

(૩) મહિલા ભારતીય પાસપોર્ટ ધારક હોવી જોઈએ.

(૪) મહિલાના લગ્ન વિદેશમાં રહેતા કે વિદેશી પતી સાથે ભારતમાં કે વિદેશમાં વિધિપૂર્વક થયેલ હોવા જોઈએ.

(૫) આ કિસ્સામાં “વિદેશમાં રહેતા ભારતીય” શબ્દમાં બિન-નિવાસી ભારતીય (એન.આર.આઇ.) અને ભારતીય મૂળની વ્યક્તિ (પી.આઇ.ઓ.)નો સમાવેશ થશે.

(૬) મહિલાને તેના લગ્નના ૭ (સાત) વર્ષની અંદર ભારતમાં કે વિદેશી રાષ્ટ્રમાં તરછોડી દેવામાં આવી હોય; અથવા

(૭) પત્નીના વિદેશમાં રહેતા કે વિદેશી પતી સાથે લગ્નના ૭ (સાત) વર્ષની અંદર છૂટાછેડાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી હોય.

(૮) પત્નીના વિદેશમાં રહેતા કે વિદેશી પતી દ્વારા લગ્નના ૭ (સાત) વર્ષની અંદર એકતરફી રીતે છૂટાછેડા મેળવી લેવામાં આવ્યા હોય અને પત્ની દ્વારા ભરણપોષણ અને ખોરાકીનો કેસ દાખલ કરવામાં આવેલ હોય.

(૯) જેની સામે ફોજદારી કેસ ચલાવવાનો નિર્ણય કરવામાં આવેલ હોય તેવી મહિલાને સહાય મળવાપાત્ર રહેશે નહિ, પરંતુ જો બાળકની કસ્ટડી મેળવવા અંગે સક્ષમ અદાલત દ્વારા હજી સુધી કોઈ ચૂકાદો આપવામાં આવ્યો ન હોય તો પૈતૃક બાળ અપહરણનો ફોજદારી આરોપ બાધક બનશે નહીં.

(૧૦) આ યોજના હેઠળ રાહત મેળવવા માગતી ભારતીય મહિલાના વસવાટના સ્થળને લાભો આપવા સાથે કોઈ સંબંધ હોઈ શકે નહીં.

(૧૧) નાણાકીય જરૂરિયાતના આધારે અરજદારને પ્રાધાન્ય આપવામાં આવશે.

(૧૨) આ યોજના હેઠળ મળવાપાત્ર સહાયની રકમ દરેક કેસ દીઠ ૪૦૦૦ યુએસ ડોલરની મહત્તમ મર્યાદા સુધી રહેશે. સહાયની રકમ કાર્યવાહી હેઠળની મહિલાને યોગ્ય કાર્યવાહી કરવામાં મદદ કરવા અને કેસ દાખલ કરવા માટેની પૂર્વતૈયારી માટે સક્રિય કરવા અરજદારના નિયત કરવામાં આવેલ કાનૂની વકીલને અથવા સંબંધિત ભારતીય સામુદાયિક મંડળ / મહિલા સંગઠન / બિનસરકારી સંસ્થાને ચૂકવવામાં આવશે.

***નોંધ :** કાનૂની અને નાણાકીય સહાય મેળવવા માગતા અરજદારો ભારતીય એલચી કચેરી / કોન્સ્યુલેટને પ્રત્યક્ષ રીતે અરજી કરી શકે છે.